# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં.: ૮૦ (સુલતાનાબાદ-ભીમપોર)

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે: સુચિત નગર રચના યોજના, સુરત નં.: ૮૧ (ડુમસ)ની હદ આવેલ છે.

દક્ષિણે: તાપી નદી આવેલ છે.

પશ્ચિમે: તાપી નદી આવેલ છે.

પૂર્વે: સુચિત નગર રચના યોજના, સુરત નં.: ૭૯ (સુલતાનાબાદ-ભીમપોર) તથા સુચિત નગર રચના યોજના, સુરત નં.: ૭૮ (ડુમસ-ભીમપોર-ગવિયર)ની હદ આવેલ છે.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજય પત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાની અસર પામતી કોઇપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા / સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

**નં. પીઆરઓ/૪૨૧/૨૦૦૯-૧૦** — **કમિશ્નર**

**તા.૨૧/૧૨/૨૦૦૯** — **સુરત મહાનગરપાલિકા**